# વેચાણ દસ્તાવેજ

## ફલેટ/દુકાન નંબર–

રજી.નંબર–

તારીખ– / /૨૦૧

નામ–

**॥શ્રી॥**

# વેચાણ દસ્તાવેજ

**ગુજરાત રાજ્ય** ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા તથા સબ ડીસ્ટ્રીકટ **વડોદરા (વિભાગ–૪) ગોરવા** ના **મોજે ગામ–સેવાસી** તાલુકા, જીલ્લો, વડોદરાના **બ્લોક/સર્વે નંબર–૯૫, જુનો રેવન્યુ સર્વે નં–૧૨૦ ટી.પી સ્કીમ નં–૩ (સેવાસી) એફ.પી.નં–૯ છે જેનુ ક્ષેત્રફળ–૨૭૩૨.૦૦ ચો.મી.** વાળી બીનખેતીની જમીન આવેલ છે તેમાં બાંધવામાં આવેલ ***" લાઈફ અરેના "*** નામની યોજનાના કુલ ૪ ટાવરમાં કુલ ૮૬ ફલેટ અને ૫૦ દુકાનો બાંધવાનુ આયોજન કરેલ છે. જે યોજનામાં આ લેખ લખીલેનારે ............. ટાવરના ............ માળે આવેલ ફલેટ/દુકાન નં........... જેનું બાંધકામનું કુલ ક્ષેત્રફળ આશરે **................ ચો.મી. કારપેટ** છે તે મિલકતનો

## વેચાણ દસ્તાવેજ રુા......................–૦૦ (અંકે રુા. ...................... પુરા)

આજરોજ તારીખ / /૨૦૧૭ ના રોજ વડોદરા મુકામે આ વેચાણ દસ્તાવેજ **લખી આપનારઃએક પક્ષવાળા/વેચાણ આપનાર/લખી આપનારઃ–**

**સરલ ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી તેના વતી અને થકી વહીવટકર્તા ભાગીદાર શ્રી અશોકભાઈ કાન્તીલાલ ગોળવીચા,** ઉ.વ.આ–૩૭, ધંધો–વેપાર, લાઈફ અરેના, સોમનાથ હેરીટેઝ પાછળ, કેનાલ રોડ, ગોત્રી–સેવાસી મેઈન રોડ, ગોત્રી, વડોદરા. **પાન.ACTFS 1524 N.**

જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ''એકતરફવાળા'' અથવા ''**વેચાણ આપનાર**'' તરીકે ઓળખવામાં આવશે, જે શબ્દના અર્થમાં સદર ભાગીદારી પેઢી તથા તેના વખતો વખતના ભાગીદારો તથા તેઓના વંશ, વાલી, વારસો,ઈત્યાદી તમામ નો સમાવેશ થાય છે.

અને

**આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર તમો :–**

**બીજા પક્ષવાળા/વેચાણ રાખનાર/લખાવી લેનારઃ–**

**..............................................,** ઉ.વ.આ–......... , ધંધો–............,

રહેવાસી–......................................................................... ના.

જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં સંયુકત રીતે ''બીજા પક્ષવાળા'' અથવા ''લખાવી લેનાર'' અથવા ''વેચાણ રાખનાર'' તરીકે ઓળખવામાં આવશે, જે શબ્દના અર્થમાં બીજા પક્ષવાળા જાતે પોતે તથા તેઓના વંશ, વાલી, વારસો,ઈત્યાદી તમામ નો સમાવેશ થાય છે.

અમો એક પક્ષવાળાએ સદર રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા તથા સબ ડીસ્ટ્રીકટ **વડોદરા** ના **મોજે ગામ–સેવાસી** તાલુકા, જીલ્લો, વડોદરાના **બ્લોક/સર્વે નંબર–૯૫, જુનો રેવન્યુ સર્વે નં–૧૨૦ ટી.પી સ્કીમ નં–૩ (સેવાસી) એફ.પી.નં–૯ છે જેનુ ક્ષેત્રફળ–૨૭૩૨.૦૦ ચો.મી.** વાળી બીનખેતીની જમીન અમો લખી આપનારે તેના મુળ માલિકો પ્રજાપતી અમૃતલાલ મોતીભાઇ તથા વિગેરે નાઓ પાસેથી તારીખ–૨૩/૧૨/૨૦૧૫ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નંબર–૧૦૯૧૦ થી વેચાણ રાખતા અમો લખી આપનાર સદરહું મિલકતના સ્વતંત્ર માલિક તથા ભોગવટેદાર થયેલ છે જે અમો લખી આપનારનું નામ રેવન્યુ રેકર્ડમા નોંધ **નં–૬૩૭૪** થી દાખલ થયેલ છે આમ અમો એક પક્ષવાળા સદર પ્લોટ વાળી મિલકતના કાયદેસર માલિક અને પ્રત્યક્ષ કબજેદાર થયા છીએ. અમો એક પક્ષવાળાએ સદર જમીનમાં **" *લાઈફ અરેના* "** નામથી રહેણાંક ફલેટસ અને દુકાનો બાંધવાની સ્કિમનું આયોજન કરેલ છે. સદર સ્કીમનું બાંધકામ અંગેની જરૂરી પરવાનગી સારુ તારીખ–૦૬/૧૧/૨૦૧૫ ના રોજ નકશા મંજુર કરેલા છે જેનો (રજાચીઠ્ઠી) વિકાસ પરવાનગી નં.યુડીએ/પરવાનગી/પ્લાન–૪/૩૦/૨૦૧૫ થી મેળવેલ છે તથા રીવાઇઝ રજાચીઠ્ઠી નંબર–યુડીએ/પ્લાન–૬/પરવાનગી/૩૦/૨૦૧૫ થી તારીખ–૦૬/૧૧/૨૦૧૫ થી મેળવેલ છે. સદર જમીનમાં બાંધકામ કરવા માટે લે–આઉટ પ્લાન મુજબ કુલ–૮૬ રહેણાંક ફલેટ અને ૫૦ દુકાનો બાંધવાનું આયોજન કરેલ છે.

સદર પરીશીષ્ટમાં દર્શાવેલ જમીનનો બીનખેતીના હેતુ માટે વાપર, ઉપભોગ ઉપયોગ કરવાની પરવાનગી કલેક્ટરશ્રી, વડોદરાનાએ તેઓના હુકમ નં.એસ.આર/૨૭/૨૦૧૪, નંબર–વતન/વશી/૪૯૪/૨૦૧૫ થી તા.૨૧/૦૪/૨૦૧૫ ના રોજથી આપેલ છે.

સદર **" *લાઈફ અરેના* "** યોજના બાંધવામાં આવેલ ટાવર **...........** મા **.............. માળે** આવેલ **ફલેટ/દુકાન નં–.............** જેના બાંધકામનું કારપેટ એરીયાનું ક્ષેત્રફળ આશરે **.................. ચો.મી.** છે. સદર ફલેટ/દુકાન નો આ વેચાણ દસ્તાવેજ અમો એક પક્ષવાળા નીચેની શરતોએ તમો બીજા પક્ષવાળાને લખી આપીએ છીએ. વેચાણ આપેલ ફલેટ/દુકાનનું વિગતવાર વર્ણન આ લેખમાં સામેલ પરિશિષ્ટમાં કરેલ છે અને આ લેખમાં ટુકાંણ ખાતર તેનો ઉલ્લેખ ''સદર મિલકત'' અથવા ''સદર ફલેટ/દુકાન'' તરીકે કરેલ છે.

૧. અમો એક પક્ષવાળા સદર મિલકતના કાયદેસર માલીક છીએ. સદર મિલકત અમો એક પક્ષવાળાના પ્રત્યક્ષ કબજામાં છે. સદર મિલકતમાં અમો એક પક્ષવાળા સિવાય બીજી કોઇ વ્યકિત કે સંસ્થાનો કોઇ હક્ક, હિત, અધિકાર કે દાવો કે બોજો નથી. અમો એક પક્ષવાળાએ સદર મિલકત કોઇ ત્રાહિત વ્યકિત કે સંસ્થાને વેચાણ આપેલ નથી કે તેના ઉપર કોઇ બોજો ઉભો કરેલ નથી કે તે અંગે કોઇ બાનાખત, લખાણ કે કરાર કરી આપેલ નથી. સદર મિલકત કોઇ કોર્ટની

જપ્તીમાં કે અવલ જપ્તીમાં નથી તેમજ સદર મિલકત વેચાણ કરવા સામે કોઇ કોર્ટ, ટ્રિબ્યુનલ, કે અન્ય સરકારી ઓથોરીટીનો કોઇ મનાઇ હુકમ નથી. સદર મિલકત બાબતમાં અમારી સામે કોઇ દાવો કે કોર્ટ કેસ ચાલુ નથી. સદર મિલકતના ટાઇટલ કલીઅર અને માર્કેટેબલ છે. અમો એક પક્ષવાળા સદર મિલકત તમો બીજા પક્ષવાળાને વેચાણ આપવા સંપુર્ણ હક્કદાર છીએ તેવી અમો એક પક્ષવાળા તમો બીજા પક્ષવાળાને પાકી ખાતરી અને ભરોસો આપીએ છીએ. આમ છતાં સદર મિલકતના ટાઇટલમાં કોઇ ખામી રહી જવા પામી હોય અને તેના કારણે ભવિષ્યમાં તમો બીજા પક્ષવાળાની માલિકી તથા કબજામાં કોઇ વાંધો, હરકત કરે કે કોઇ અવરોધ અડચણ કરે તોતે દુર કરવાની જવાબદારી અમો એક પક્ષવાળા વેચાણ આપનાર ની રહેશે.

૨. અમો એક પક્ષવાળાએ સદર ફ્લેટ/દુકાન વાળી મિલકત તમો બીજાપક્ષવાળાને **રુા...............................–૦૦ (અંકે રુપિયા ....................... પુરા)** માં વેચાણ આપેલ છે. અમો એક પક્ષવાળાને તમો બીજા પક્ષવાળા પાસેથી વેચાણ અવેજની પુરેપુરી રકમ નીચેની વિગતના ચેકોથી વસુલ મળી ગઇ છે. અમો એક પક્ષવાળા વેચાણ અવેજની પુરેપુરી રકમ વસુલ મળ્યા નું આથી સ્વીકારીએ છીએ અને આ વેચાણ દસ્તાવેજથી તેની પહોચ આપી એ છીએ.

## –: વેચાણ અવેજની વિગત :–

| અનુ | રકમ | ચેક નંબર | તારીખ | બેંકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| કુલ | રુા............................–૦૦ (અંકે રુપિયા ....................... પુરા). | | | |

૩. વેચાણ અવેજની રકમ ચુકવવા માટે જો આપવામાં આવેલ ચેકો હવે પછી બેંકમાં ભરવાના થાય તેવા કેસમાં સદર ચેક/ચેકો બેંકમાં ભરતાં તેની રકમ વસુલ મળ્યેથી આ વેચાણ દસ્તાવેજ અમલમાં આવશે અને જો ચેક/ચેકો બેંકમાં ભરતાં પરત ફરશે તો આ વેચાણ દસ્તાવેજ રદ કરવા અમો હક્કદાર થશું.

૪. અમો એક પક્ષવાળાએ સદર મિલકત તેમાં આવેલ વિજળી જોડાણ, પાણી જોડાણ, ડ્રનેજ જોડાણ સાથે વેચાણ આપેલ છે. જો સદર ફલેટ/દુકાનમાં વિજળી જોડાણ, પાણી જોડાણ, ડ્રનેજ જોડાણની સુવિધાઓ લેવાની બાકી હોય તોતે લાવી આપવાની જવાબદારી અમો એક પક્ષવાળાની રહેશે પરંતુ આવા કનેક્શનો લેવા માટે જે ખરીદનારના નામે ડીપોઝીટ ભરવાની થાય તે તમો બીજા પક્ષવાળાએ ભરવાની રહેશે. સદર સ્કીમ/એપાર્ટમેન્ટના આવવા–જવાના રસ્તાની જમીન, પાર્કીંગની જગ્યા તથા અન્ય કોમન સુવિધાઓમાં સદર મિલકતના ક્ષેત્રફળ હિસાબે જે વરાડે પડતો હક્ક હિસ્સો આવતો હોય તે સાથે સદર મિલકત વેચાણ આપેલ છે. સદર સ્કીમ/એપાર્ટમેન્ટ જે જમીનમાં બાંધવામાં આવેલ છે તે તમામ ફલેટ/દુકાન ધારકોની સહીયારી માલિકીની રહેશે અને તે વણવહેચાયેલી જમીનમાં સદર ફલેટ/દુકાનના ક્ષેત્રફળ હિસાબે જ ભાગે પડતો હિસ્સો આવે છે તે હિસ્સો પણ આથી વેચાણ આપેલ છે પરંતુ તમો સદર હિસ્સો અલગ માગી શકશો નહીં કે છુટો પાડી શકશો નહીં. તમો બીજા પક્ષવાળા સદર એપાર્ટમેન્ટ/સ્કીમની તમામ કોમન મિલકતો તથા કોમન સુવિધાઓ જેવી કે આવવા જવાના રસ્તાઓ, પાર્કીંગની જગ્યા, પાણીની સુવિધા તથા ફક્ત ફ્લેટ ધારકોને લીફ્ટ, દાદાર, અગાસીનો ખુલ્લો ઉપયોગ કરવાની સુવિધા વિગેરેનો તમામ સહીયારા ધોરણે વાપર ઉપયોગ કરવા હક્કદાર થયા છો અને તેના જે મેન્ટેનનન્સ ચાર્જીસ આવશે તે તમોએ ભાગે પડતા ભરવાના રહેશે. સદર એપાર્ટમેન્ટ/સ્કીમના તમામ સભ્યોએ સાથે મળી સદર એપાર્ટમેન્ટનું મેન્ટેનન્સ કરવા અને વહીવટી કરવા માટે એસોસિએશન/મંડળ/ મંડળી કે અન્ય સંસ્થાની રચના કરવાની રહેશે અને તેમાં તમામ ફલેટ/દુકાન ધારકોએ ફરજીયાત સભ્ય બનવાનું રહેશે અને તેનો મેન્ટેનન્સ માટે વખતોવખત જે રકમ નક્કી કરવામાં આવે તે નિયમિત આપવાની રહેશે.

૫. સદર મિલકતના તમામ પ્રકારના સરકારી તથા અર્ધ સરકારી વેરાઓ, વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનના મિલકત વેરાઓ, શિક્ષણ ઉપકર, પાણી વેરો, ગુજરાત વિધુત બોર્ડ તથા મધ્ય ગુજરાત વિજ કંપનીના વિજળીના બીલો, તેમજ બીજા તમામ પ્રકારના વેરાઓ, ચાર્જીસ, બીલો વિગેરે આ વેચાણ દસ્તાવેજની તારીખ સુધીના અમોએ ભરપાઇ કરી દીધા છે અને હવે પછીથી તે તમામ તમો બીજા પક્ષવાળાએ ભરવાના છે.

૬. હવેથી તમો બીજા પક્ષવાળા સદર ફલેટ/દુકાન વાળી મિલકતના કાયદેસર માલીક, કબજેદાર તથા ભોગવટેદાર થયા છો. અને તેનો માલીકી હક્કે, વાપર, ઉપયોગ કરવા તમો હક્કદાર થયા છો. હવેથી તમો બીજા પક્ષવાળા સદર મિલકત સબંધમાં વેચાણ, ભાડાપટો, ગીરો, અદલાબદલી, બક્ષિસ કે અન્ય પ્રકારના તબદીલીના વ્યવહારો કરવા હક્કદાર થયા છો. પરંતુ તમો બીજા પક્ષવાળા સદર બિલ્ડીંગના એલીવેશનમાં કોઇ ફેરફાર કરી શકશો નહી કે તેના આર.સી.સી.

સ્ટ્રક્ચરને નુકશાન થાય તેવું કોઇ કૃત્ય કરી શકશો નહી. સદર એપાર્ટમેન્ટના અન્ય સભ્યોને નડતર, અડચણ કે હેરાની પરેશાની ન થાય તેવી રીતે રહેવાનું છે અને આવવા જવાના રસ્તાઓમાં વાહન પાર્ક કરવાના નથી કે કોમન પેસેજમાં કોઇ સામાન કે ચીજ વસ્તુ રાખવાની નથી અને સદર એપાર્ટમેન્ટની તમામ કોમન સુવિધાઓનો કાળજીપુર્વક ઉપયોગ કરવાનો રહેશે.

૭. આ વેચાણ દસ્તાવેજના આધારે તમો બીજા પક્ષવાળા સદર ફ્લેટ/દુકાન વાળી મિલકત સરકારશ્રીના રેવન્યુ રેકર્ડમાં, સીટી સર્વે રેકોર્ડમાં, વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળમાં, ગુજરાત વિધુત બોર્ડમાં, મધ્ય ગુજરાત વિજ કંપનીમાં, ગ્રામ પંચાયતમાં, સદર એપાર્ટમેન્ટના એસોસિએશન/મંડળમાં તથા અન્ય તમામ સરકારી તથા અર્ધ સરકારી સંસ્થાઓમાં તમારા નામે ટ્રાન્સફર કરાવી લેવા હક્કદાર થયા છો. આ માટે અમો એક પક્ષવાળા તમોને પુરો સાથ સહકાર આપીશું અને જયાં જયાં જરુર પડશે ત્યાં ત્યાં અમારી સહીઓ સંમતીએ, ખુલાસાઓ, સોગંદનામાઓ વિગેરે કરી આપીશું.

૮. અમો એકપક્ષવાળાએ સદર મિલકત અંગેના જરુરી દસ્તાવેજી પુરાવાઓની નકલો તમો બીજા પક્ષવાળાને પુરી પાડેલ છે. સદર જમીનના ટાઇટલ અંગેના અસલ દસ્તાવેજો અમો એક પક્ષવાળા પાસે રહેશે અને ભવિષ્યમાં તમોને જયારે જોવા તપાસવાની જરુર પડશે ત્યારે અમો પક્ષવાળા તમોને તે જોવા તપાસવા અને તમારા ખર્ચ નકલ કરવા આપીશું.

૯. અમો એક પક્ષવાળાએ સદર ફ્લેટ/દુકાન વાળી મિલકતમાં પાણી ફિટીંગ, ડ્રેનેજ ફિટીંગ તથા લાઇટ ફિટીંગ તથા અન્ય જે કાંઇ સુવિધાઓ આપેલ છે તે ચકાસણી કરીને આપેલ છે અને તે તમામ સારી અને ચાલુ હાલતમાં છે અને તમો બીજા પક્ષવાળાએ પણ તે સુવિધાઓને તપાસીને ખાતરી કરી લીધેલ છે હવે પછી તેમાં કોઇ ખરાબી થાય કે રીપેરીંગ કરવાનું થાય તો તે તમો બીજા પક્ષવાળાએ તમારા ખર્ચે કરાવવાનું રહેશે.

૧૦. સદર વેચાણ દસ્તાવેજના પરીશીષ્ટમાં દર્શાવેલ મિલકતનો કબજો તમો બીજી તરફવાળાને (એલોટી) ને આપવામાં આવેલ છે જેના તમામ દસ્તાવેજ તથા સ્પેશીફીકેશન મુજબ થયેલ કામ, વર્કમેનશીપ વિગેરે તમામ ચકાસી સમજીને તમો બીજી તરફવાળાએ સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી મિલકતનો કબજો મેળવેલ છે અને તેનો પ્રત્યક્ષ કબજો સ્થળ ઉપર સ્વીકારી લીધેલ છે.

૧૧. હાલમાં સરકારશ્રી તરફથી ઉપલબ્ધ સુવિધાઓ આપેલ છે અને ભવિષ્યમાં અન્ય કોઇપણ વધારાની સુવિધાઓ સરકારશ્રી તરફથી મળવા પાત્ર થાય તો તે સદર વેચાણ દસ્તાવેજ લખી લેનાર બીજી તરફવાળાએ પોતાના ખર્ચે ઉપલબ્ધ કરવાની રહેશે.

૧૨. સદર વેચાણ દસ્તાવેજની વકીલ ફી, એમ.જી.વી.સી.એલ ડીપોઝીટ, પાણી તથા ગટર જોડાણ ખર્ચ તથા સદર સોસાયટીને બનાવવા તેના નિયમો, અધિનિયમો અને બાયલોઝ બનાવવા અને કન્વેયન્સ અથવા ક્લોઝ બનાવવાના તમામ ખર્ચ બીજી તરફવાળાએ ભોગવવાના રહેશે જે બીજી તરફવાળાને કબુલ, મંજુર છે.

૧૩. સદર વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ મિલકતમાં કાયદાકીય હક્કો તેમજ સરકારશ્રી તરફથી જરુરી મંજુરીઓ યોજનાના વિકાસ માટે મળેલ છે અને જરુરી મંજુરી સમયે સમયે યોજના પુર્ણ કરવા મેળવવાની રહેશે.

૧૪. સદર વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ મિલકતની પરવાનગીઓ તથા અન્ય બધાજ પુરાવા યોગ્ય અને કાયદાકીય મંજુર થયેલા છે જે બીજી તરફવાળાએ તપાસી લીધેલ છે અને તેનાથી સંતુષ્ટ થઇને આજરોજ આ વેચાણ દસ્તાવેજ કરેલ છે.

૧૫. અમો આ વેચાણ દસ્તાવેજ લખી લેનારની જરુરીયાત/પરિસ્થિતીને આધિન અમોઆ લેખ લખી લેનારની માંગણીને સ્વીકાર કરી સદર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે અને જ્યારે સદર પરીશીષ્ટવાળી મિલકત અન્વયેના કંપલીશન સર્ટી / ઓક્યુપેશન સર્ટી મળે ત્યારે તમો આ લેખ લખી લેનારને સર્ટી આપવા બંધાયેલા છે.

૧૬. સદર વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ મિલકતમાં તેવી સામગ્રી કે જે નુકશાન કારક હોય, ભયજનક હોય અથવા દહનશીલનીય હોય અથવા વજનમાં ખુબજ ભારી હોય કે જે બાંધકામને નુકશાન કરતું હોય તે બીજી તરફવાળા લાવવામાં તકેદારી રાખશે અને તેમ કરવામાં કસુરવાર થશે તો થયેલ નુકશાનની તમામ જવાબદારી બીજી તરફવાળાની રહેશે.

૧૭. સદર વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ મિલકતનું બીજી તરફવાળાએ પોતાના ખર્ચે સારી રીતે આંતરિક રીપેરીંગ તેમજ તેની જાળવણી એક તરફવાળા દ્વારા તે સ્થિતીમાં કબજો સોંપવામાં આવ્યો હોય તે જ સ્થિતીમાં રહે તે રીતે કરવાની રહેશે તેમજ બીજી તરફવાળાએ સદર મિલકતને નિયમો કે અધિનિયમોની વિરુધ્ધ કોઇ કૃત્ય કરી શકશે નહી.

૧૮. સદર વેચાણ દસ્તાવેજના પરીશીષ્ટવાળી મિલકતમાં બીજી તરફવાળાએ કોઇ તોડફોડ અથવા તેમાં કોઇ ભાગમાં કોઇ સુધારા વધારા કરે તો પણ એલીવેશનમાં કોઇ ફેરફાર કરી શકશે નહી અને પાણીની લાઇન, ગટરો અને પાઇપો અને તેની સાથે જોડાયેલા ને સારી અને રીપેર કરેલ સ્થિતીમાં રાખશે અને ખાસ કરીને જેનાથી પરીશીષ્ટવાળી મિલકતમાં અન્ય ભાગોને સપોર્ટ મળતો હોય તેમાં કોઇ અન્ય રીતે બીમ, કોલમો, દિવાલો, સ્લેબો અથવા આર.સી.સી. ને નુકશાન કરી શકશે નહી

અને અને જો તેમ કરવામાં કસુરવાર થશે તો તેની સંપુર્ણ જવાબદારી એકલા બીજી તરફવાળાની રહેશે.

૧૯. સદર બીજી તરફવાળાએ સોસાયટીના તમામ નિયમો અને અધિનિયમોનું પાલન કરવાનું રહેશે અને સોસાયટીના નિયમોમાં સુધારા વધારા ફેરફાર કે જે સમયે સમયે કરવામાં આવે તેમ સ્વિકારવાના રહેશે અને સોસાયટીના કોમન વપરાશવાળી મિલકતનો વેરો, ખર્ચાઓ અને અન્ય મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટરના લેણા સમયે સમયે ચુકવવાના રહેશે.

૨૦. આ પક્ષકારો દ્વારા અને વચ્ચે એવી સ્પષ્ટ સમજુતી અને સંમતિ છે કે યોજના સંબધમાં આ લેખમાં જણાવેલી તમામ જોગવાઈઓ અને આનાથી ઉભાં થતાં દાયિત્વ, તબદિલી ના કિસ્સામાં સદરહું મિલકતના આગામી લખી લેનારને સમાન રીતે લાગુ પડેશે અને અમલપાત્ર રહેશે.

૨૧. સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલકતના બીજી તરફવાળા ભવિષ્યમાં અન્ય કોઈને પણ આ મિલકત વેચાણ આપશે તો સદર પરીશીષ્ટવાળી મિલકતના બાંધકામની કોઈપણ જવાબદારી અમો આ મિલકત વેચનાર આ વેચાણ દસ્તાવેજના કોઈજ પક્ષકારોની રહેશે નહી અને તેની સંપુર્ણ જવાબદારી તમો બીજી તરફવાળા પોતાએ સ્વિકારવાની રહેશે. અને ભવિષ્યમાં નવા વેચાણ રાખનાર આ લેખની તમામ શરતો મુજબ અમલકરવા બંધાયેલા રહેશે.

૨૨. આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવોકે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ચાર્જીસ, ડ્રાફટીંગ ફી, વિગેરે તમો બીજા પક્ષવાળાએ ભોગવવાનો છે.

## -: પરીશીષ્ટ :-

## -: વેચાણ આપેલ મિલકતનું વર્ણન :-

**ગુજરાત રાજ્ય** ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા તથા સબ ડીસ્ટ્રીકટ **વડોદરા (વિભાગ-૪) ગોરવા** ના **મોજે ગામ-સેવાસી** તાલુકા, જીલ્લો, વડોદરાના **બ્લોક/સર્વે નંબર-૯૫, જુનો રેવન્યુ સર્વે નં-૧૨૦ ટી.પી સ્કીમ નં-૩ (સેવાસી) એફ.પી.નં-૯ છે જેનુ ક્ષેત્રફળ-૨૭૩૨.00 ચો.મી.** વાળી બીનખેતીની જમીન આવેલ છે તેમાં બાંધવામાં આવેલ ***" લાઈફ અરેના "*** યોજના પૈકી નીચે દર્શાવેલ ફલેટ/દુકાન અને માપ વાળી મિલકત તમોને વેચાણ આપેલ છે.

| ટાવર | ફ્લોર/માળ | ફલેટ/દુકાન નંબર | બાંધકામનું કારપેટ એરીયાનું ક્ષેત્રફળ (ચો.મીટર) | વરાડે પડતી વણવહેંચાયેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મીટર) |
|---|---|---|---|---|
| | | | | |

**<u>ચતુઃદિશા નીચે મુજબ છે.</u>**

પૂર્વ માં :–

પશ્ચિમ માં :–

ઉત્તર માં :–

દક્ષિણ માં :–

આ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારે અમારી રાજીખુશીથી, વાંચી, વંચાવી, સમજી, વિચારી, વાકેફ તઈ સાફ દીલથી સંપૂર્ણ મન તંદુરસ્ત હાલતમા ઉપર મુજબનો અવેજ ગણી લઈને કોઈપણ જાતની ધાક ધમકી કે ઉશ્કેરાટ વગર લખી આપેલો છે.જે અમોને અમારા વંશ, વાલી, વારસો, તમામ ને કબુલ મંજુર અને બંધનકર્તા છે. જેમાં આજરોજ વડોદરા મુકામે સાક્ષીઓ રુબરુ અમોએ સહી કરેલી છે.

અત્રે.................................મત્તુ                અત્રે...........................શાખ

**<u>એક પક્ષવાળા/વેચાણ આપનાર</u>**

**સરલ ડેવલોપર્સ એ નામની ભાગીદારી**

**પેઢી વતી અને તર્ફે તેના વહીવટકર્તા ભાગીદાર**

__________________

**અશોકભાઈ કાન્તીલાલ ગોળવીયા**

**સાક્ષી**

===================

===================

# રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ ૩૨(એ) મુજબનું શીડયુલ

| વેચાણ આપનારની સહી (એક પક્ષવાળા) :– | ફોટો | ડા. હા.અં. નું નિશાન |
|---|---|---|
| સરલ ડેવલોપર્સ એ નામની ભાગીદારી<br><br>પેઢી વતી અને તર્ફે તેના વહીવટકર્તા ભાગીદાર<br><br>-----------------<br>અશોકભાઇ કાન્તીલાલ ગોળવીયા | | |
| વેચાણ રાખનારની સહી (બીજા પક્ષવાળા):– | ફોટો | ડા. હા.અં. નું નિશાન |
| --------------------- | | |

**-: વેચાણ આપેલ મિલકતનુ સરનામુ :-**

**ફ્લેટ/દુકાન નંબર-........... " *લાઈફ અરેના* " એપાર્ટમેન્ટ, સેવાસી, વડોદરા.**

**વેચાણ આપેલ મિલકતનો ફોટોગ્રાફ્સ**

| વેચાણ દસ્તાવેજ લખી આપનાર | વેચાણ દસ્તાવેજ લખી લેનાર |
|---|---|
| ---------------------- | ---------------------- |